# ભ્રષ્ટાચારમુકત ભારત એક દિવાસ્વપ્ન ?



જસવંત બી. મહેતા

જન્મભૂમિ પ્રવાસી (૨૪-૧૦-૨૦૧૦)માં કુન્દનભાઈએ રાષ્ટ્રસમૂહ રમતોત્સવમાં થયેલી ગેરરીતિઓની તપાસ માટે ડૉ. મનમોહન સિંઘે ભારત સરકારના નિવૃત્ત હિસાબનીશની નિમણૂકનો ઉલ્લેખ કર્યો છે. તેમણે વાજબી રીતે વ્યથા વ્યક્ત કરી છે કે બિચારા મનમોહન સિંઘ શું કરી શકશે? ત્યાર પછી સ્પેકટ્રમ ટુ-જીના રૂા. ૧,૭૬,૦૦૦ કરોડના કૌભાંડના અહેવાલો બહાર પડ્યા પછી હવે રાષ્ટ્રસમૂહનો ભ્રષ્ટાચાર પ્રમાણમાં ઘણો ઓછો લાગે છે! બાકી રહ્યું હોય તેમ મહારાષ્ટ્રનું આદર્શ હાઉસિંગ સોસાયટીનું કૌભાંડ બહાર આવતા છેલ્લા ત્રણ મહિનાથી દેશના દરેક અખબારોને પ્રથમ પાને હવે સમાચારો ચમકાવવા અન્ય કોઈ મસાલો ગોતવાની જરૂર નથી રહી.

દરેક ભ્રષ્ટાચારનું મૂળ રાજકીય ક્ષેત્રથી ચાલુ થાય છે. સંસ્કૃતમાં જાણીતી કહેવત છે કે ''યથા રાજા તથા પ્રજા''. આજે આપણા આ રાજાઓના ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. જો કોઈ ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર માટે ઓલિમ્પિક સ્પર્ધા યોજાય તો આપણા આ રાજકારણીઓ અને સરકારી બાબુઓ માટે ગોલ્ડ મેડલ ઓછાં પડે અને પ્લેટિનમ મેડલ બહાર પાડવા પડે તેવું છે.

આજથી પંદરેક વર્ષ પહેલાં ગુજરાતના પીઢ રાજકારણી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ચીમનભાઈ મહેતાએ ભ્રષ્ટાચાર નાબૂદી માટે રાષ્ટ્રીય ધોરણે ચળવળ ચલાવી હતી. તેઓએ ''નેશનલ કેમ્પેઈન અગેન્સ્ટ કરપ્શન'' એ મંચ હેઠળ મુંબઈમાં જ્યારે ભૂતપૂર્વ નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી ખૈરનાર કે જેઓએ સુધરાઈમાં ભ્રષ્ટાચાર દૂર કરી સ્વચ્છ વહીવટ માટે કડક પગલાં લીધાં હતાં, તેઓને હોદ્દા પરથી દૂર કર્યા ત્યારે જનજાગૃતિ માટે સભાઓનું આયોજન આ સંસ્થાએ કર્યું હતું.

આ દિશામાં અન્ના હજારેએ સતત પ્રયાસ કર્યા છે. ૧૯૭૪-૭૫માં જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ ગુજરાત અને અન્ય રાજ્યો (જેમાં બિહારનો સમાવેશ થાય છે)માં નવનિર્માણ આંદોલન વખતે ભ્રષ્ટાચાર વિરુદ્ધ દેશભરમાં ચળવળ થઈ હતી, પણ સરવાળે આ બધી ચળવળ/આંદોલન થયાં પછી પણ ભ્રષ્ટાચાર આપણા દેશમાં કદકે ને ભૂસકે વધતો જ રહ્યો છે.

ચીમનભાઈ મહેતા ચળવળ ચાલુ કર્યા પછી થોડા સમયમાં જ એવા અનુમાન ઉપર આવ્યા હતા કે જ્યાં સુધી હાલની સંસદીય પદ્ધતિમાં ફેરફાર નહીં થાય ત્યાં સુધી આ પ્રકારની કોઈ પણ ચળવળ કે આંદોલનનું નક્કર પરિણામ આવવાની શક્યતા નહિવત્ છે અને ભ્રષ્ટાચાર ઉપર કોઈ પણ પ્રકારનો અંકુશ લાવવો ખૂબ જ મુશ્કેલ છે.

કોઈ પણ રાજકીય પદ્ધતિ હોય, પછી તે લોકશાહી હોય કે સરમુખત્યારશાહી હોય કે ૧૯૯૦ સુધી રશિયાએ અપનાવેલી સામ્યવાદી સરકાર હોય, ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ડામવો એ અશક્ય છે, પણ આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિની સરખામણીમાં અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય લોકશાહીમાં ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવા માટે અંકુશો અને સમતુલા નિઃશંકપણે વધારે અસરકારક છે. એકવાર ચૂંટાયા બાદ પ્રમુખને સ્વચ્છ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો પ્રધાનમંડળમાં સીધો સમાવેશ કરી સારું શાસન આપવાની પૂરેપૂરી તક મળી રહે છે. ચૂંટાયા પછી પ્રમુખને ભ્રષ્ટ સંસદસભ્યો કે પ્રધાનોના ટેકાની જરૂર રહેતી નથી. સત્તાના વિભાજનના સિદ્ધાંત પર રચાયેલી સાચી પ્રમુખીય લોકશાહીમાં પ્રધાનમંડળમાં સંસદસભ્યોનો સમાવેશ કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. બીજી તરફ પ્રમુખ ઉપર સમતુલા જળવાઈ રહે તે માટે પ્રમુખે નિયુક્ત કરવા ધારેલા પ્રધાનપદના ઉમેદવારોને સંસદની મંજૂરીની જરૂર રહે છે. આ ઉપરાંત ફેડરલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (એફ.બી.આઈ.) દ્વારા પ્રધાનપદ માટેની પસંદગી પામેલ દરેક ઉમેદવારનો રિપોર્ટ ખાનગીમાં પ્રમુખને પહોંચાડવામાં આવે છે. પ્રમુખની ચૂંટણી નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં થયા પછી લગભગ અઢી મહિનાના ગાળા પછી પ્રધાનમંડળની નિયુક્તિ થાય છે અને આ સમયગાળામાં પ્રધાનપદ અને અન્ય દરેક મહત્ત્વની જગ્યાની નિમણૂક માટેના ઉમેદવારોની પૂરતી ચકાસણી કરવાનો સંસદને પણ સમય મળી રહે છે.

આપણી હાલ અપનાવેલી સંસદીય પદ્ધતિમાં ડૉ. મનમોહન સિંઘ જેવા સ્વચ્છ રાજકારણીને પોતાની સરકાર ટકાવવા માટે ભ્રષ્ટ રાજકારણીઓનો ટેકો લેવો પડે છે અને પ્રધાનમંડળમાં તેઓનો સમાવેશ કર્યા પછી ગમેતેવાં કૌભાંડો પછી પણ આંખ આડા કાન કર્યા સિવાય છૂટકો નથી, જ્યારે ખૂબ જ ઊહાપોહ થાય ત્યારે કમને તેઓ સામે પગલાં ભરશું એવાં વિધાનો સાંભળવા આપણે હવે ટેવાઈ ગયા છીએ. સી.બી.આઈ. જેવી એજન્સીઓ પણ રાજ્યકર્તા પક્ષના ઈશારે નાચતી રહે છે. અમે બન્ને, ચીમનભાઈ મહેતા અને હું, એક ચોક્કસ અભિપ્રાય ઉપર આવ્યા હતા કે ભ્રષ્ટાચાર ટાળવા માટે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિના બદલે દેશ માટે (અંકુશો અને સમતુલા સાથેની) પ્રમુખીય પદ્ધતિ અનેક રીતે અનુકૂળ રહેશે. આપણી હાલની સંસદીય પદ્ધતિ આપણા રાજકારણીઓને એટલી સદી ગઈ છે કે તેમાં પરિવર્તન લાવવું મુશ્કેલ છે અને પ્રચંડ જનજાગૃતિ વગર અત્યારે તો આ જટિલ કાર્ય લાગે છે. કમનસીબે આપણા ઉદ્યોગપતિઓ કે વ્યાપારીવર્ગ આટલાં મોટાં કૌભાંડો સામે એક શબ્દ ઉચ્ચારતા નથી. આજે તો આ સૌ કોઈને ભ્રષ્ટાચારનો આધાર લઈને પણ યેન કેન પ્રકારેણ પોતાનો વિકાસ સાધવો છે અને રાજકીય પદ્ધતિમાં પરિવર્તન લાવવામાં કોઈ પણ પ્રકારનો ઉત્સાહ હોય તેવું જણાતું નથી.

અમે બન્ને બીજી એક વાત ઉપર પણ સંમત થયા હતા કે હાલનો કોઈ પણ મુખ્ય રાજકીય પક્ષ અત્યારની સંસદીય પદ્ધતિમાં ફેરફાર કરવા તૈયાર થાય તેવી કોઈ શક્યતા દેખાતી નથી અને મોટે પાયે જનજાગૃતિ લાવી પ્રમુખીય લોકશાહીના એજન્ડા ઉપર કોઈ નવો રાજકીય પક્ષ એવા બૌદ્ધિક લોકો દ્વારા ઊભો થઈ શકે કે જેઓને રાજકારણમાંથી કોઈ લાભ લેવાની અપેક્ષા ન હોય, પણ દેશદાઝથી આ દિશામાં ભોગ આપવા તૈયાર થાય તો ધીરેધીરે પણ પરિવર્તન લાવવું શક્ય રહેશે.